**<u>મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુ.અમદાવાદ.</u>**
**ફોજદારી કેસ નં.૨૭૧/૨૦૨૦**

**આંકઃ-૫**

**ફરિયાદીઃ- નામદાર સરકારશ્રી તરફે શ્રી એલ.બી. રોહિત,**
**કારખાના સિનિયર નિરીક્ષક, અમદાવાદ.**
૩/૫ મો માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.

**વિરુદ્ધ**

**આરોપીઃ- શ્રી સંજય દેવીદાસ બંદરાપુકોર(કબજેદાર)**
**બડવે ઓટોટેક પ્રા.લી.**
સ.નં.૫૩૫, વિઠલાપુર, તા.માંડલ, જી.અમદાવાદ

**ગુન્હોઃ- ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ નાં નિયમ-૫૪ નાં શિડ્યુલ-૬નાં પેરા-૫(૨)ની જોગવાઈનાં ભંગ બદલ કારખાના અધિનિયમ ૧૯૪૮ની કલમ-૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત.**

---

ફરિયાદી તરફે.. ગેરહાજર
આરોપી તરફે વિ.વ.શ્રી એચ.આર. રાવલ.

---

**<u>-:: ઠ રા વ ::-</u>**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદીએ તા.૧૬-૦૧-૨૦૨૦ નાં રોજ સદરહુ કારખાનાની મુલાકાત લેતા, આરોપીએ **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ નાં નિયમ-૫૪ નાં શિડ્યુલ-૬નાં પેરા-૫(૨)ની જોગવાઈનાં ભંગ બદલ** જે કારખાના અધિનિયમ-૧૯૪૮ ની **કલમ-૯૨** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) ઉપરોક્ત સંદર્ભની ફરિયાદ અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતા અત્રેની કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલત દ્વારા આ કામનાં આરોપીને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી આરોપીનાં ઓથોરાઈઝ્ડ પર્સન **શ્રી નવીન ગૌતમ** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને

વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ,ઈજા પામનાર કામદારે વ.કો. નોન ફેટલ અરજી નં.૩૨/૨૦૧૯ કરેલ જે કામે થયેલ હુકમનો પુરાવો રજુ કરેલ છે. ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદારનાં ઓથોરાઈઝ્ડ પરસન **શ્રી નવીન ગૌતમ** એ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમદાર વતી તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન **શ્રી નવીન ગૌતમ** ની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીનાં ઓથોરાઈઝ્ડ પરસન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોક્ત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુ ક મ ::--**

૧) સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ નાં નિયમ-૫૪ નાં શિડ્યુલ-૬નાં પેરા-૫(૨)ની જોગવાઈનાં ભંગ** બદલ કારખાના ધારાની **કલમ-૯૨** હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને સદર નિયમનાં ભંગ બદલ **રૂા.૧૦,૦૦૦/- ( અંકે રૂપિયા ૧૦ હજાર પુરા ) નો દંડ,** અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી તરફે હાજર રહેલ ઓથોરાઈઝ્ડ પરસન **શ્રી નવીન ગૌતમ** દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેસની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.
આ હુકમ આજરોજ તા.૧૧–૦૨–૨૦૨૩ નાં રોજ અત્રેની કોર્ટનાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : .૧૧–૦૨–૨૦૨૩.
સ્થળ : અમદાવાદ.

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

F.M.Kadri,P.S.